૬

નામ.સુપ્રિમકોર્ટ ખાતે દાખલ થયેલ રીટપીટીશન (સિવિલ) નં.૫૮૩ ઓફ ૨૦૦૩ માં નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ જજમેન્ટ મુજબ વળતર ન આપવાને કારણે "માનવ ગરીમા" નામની સંસ્થા દ્વારા નામ.હાઇકોર્ટમાં રીટપીટીશન (પી.આઇ.એલ) ૨૨૫ ઓફ ૨૦૧૬ દાખલ થયેલ છે જે બાબતે કાર્યવાહી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃSCW/૧૦૧૬/૭૫૮૦૫૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૦/૧૨/૨૦૧૬.

વંચાણે લીધા-

(૧) નામ.સુપ્રિમકોર્ટ ખાતે દાખલ થયેલ રીટપીટીશન (સિવિલ) નં.૫૮૩ ઓફ ૨૦૦૩ માં નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ જજમેન્ટ તા.૨૭-૩-૨૦૧૪.

(૨) નામ.ગુજરાત હાઇકોર્ટ ખાતે દાખલ થયેલ રીટ પીટીશન ૨૨૫ ઓફ ૨૦૧૬.

<u>પરિપત્ર-</u>

સફાઇ કર્મચારી આંદોલન અને અન્ય દ્વારા રીટપીટીશન (સિવિલ) નં.૫૮૩ ઓફ ૨૦૦૩ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ હતી, જેમાં એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ કંન્સ્ટ્રકશન ઓફ ડ્રાયલેટ્રીન્સ (પ્રોહીબીશન) એકટ-૧૯૯૩ અને ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબીલીટેશન એકટ-૨૦૧૩ ની જોગવાઇનુ પાલન ન કરવાને કારણે મેનહોલ/ સેપ્ટીક ટેન્કસનું સફાઇ કામ કરતાં અપમૃત્યુ પામેલા વ્યકિતઓને સને ૧૯૯૩ થી વળતર આપવા નામ.સુપ્રીમ કોર્ટે ચુકાદો આપેલ છે. નામ.સુપ્રીમકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદામાં નીચે મુજબ જણાવેલ છે.

"(iii) Identify the families of all persons who have died in sewerage work (manholes, septic tanks) since 1993 and award compenensation of Rs.10.00 lakhs for each such death to the family members depending on them."

નામ.સુપ્રીમ કોર્ટના જજમેન્ટ મુજબ સને ૧૯૯૩થી અત્યાર સુધી મૃત્યુ પામેલા કર્મચારીઓને શોધી પ્રત્યેક વ્યકિતને રુપિયા દશ લાખનું વળતર આપવાનું થાય છે. આ તમામ વ્યકિતઓ મેનહોલ/ સેપ્ટીક ટેન્કસની સફાઇ કરતા મૃત્યુ પામેલ છે તેવુ નામ.સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ જોતાં જણાય છે. નામ.સુપ્રીમકોર્ટે તેમના ચુકાદામાં નોંધ્યા પ્રમાણે ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ

સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબીલીટેશન એકટ-૨૦૧૩ ના ચેપ્ટર-૩ના સેકશન-૭ માં જણાવ્યા મુજબ કોઇપણ સ્થાનિક પ્રસાશન કે એજન્સી, કોઇપણ વ્યકિતને જોખમી હોય તેવા મેનહોલ કે સેપ્ટીક ટેન્કના સફાઇના કામમાં રાખી શકશે નહિ. આ એકટના સેકશન-33(૧) માં જણાવ્યા મુજબ કોઇપણ સફાઇ કર્મચારીને યોગ્ય આધુનિક સાધનો સિવાય મેનહોલ કે સેફટીક ટેન્કની સફાઇ રાખી શકાય નહિ. નામ.હોઇકોર્ટમાં દાખલ થયેલ પીટીશન સાથે અરજદારે જોડેલ કુલ ૧૫૨, આવી સફાઇ કરતા મૃત્યુ પામેલ વ્યકિતઓની યાદી જોતાં મોટાભાગે રાજય સરકાર હસ્તકના મ્યુનિસિપલ કોર્પોરેશન/ નગરપાલિકા દ્વારા રખાયેલ કર્મચારીઓના અપમૃત્યુના બનાવ જણાય છે. સ્થાનિક પ્રસાશન દ્વારા એકટનો અમલ ન કરવાને કારણે બનવા પામેલ અપમૃત્યુના બનાવો અન્વયે આનુષાંગિક પોલીસ ફરિયાદ કે કોર્ટ કેસો વગેરે જે તે સ્થાનિક પ્રશાસનમાં બનાવ બનેલ હોય તેવા સ્થાનિક પ્રશાસને જ તથા આ સ્થાનિક પ્રશાસનના સબંધિત વિભાગે આ બાબતે કાર્યવાહી કરવાની રહે, તેમજ વળતર આપવાનું થાય તો તે વળતર પણ તેઓએજ ચુકવવાનું રહે. આથી નામ.સુપ્રિમકોર્ટના જજમેન્ટ મુજબ આ મૃત્યુ પામેલ વ્યકિતઓને ખરેખર મેનહોલ/ સેપ્ટીક ટેન્કના સફાઇના કામ દરમ્યાન મૃત્યુ પામેલ હોય તો તેવા વ્યકિતની ઓળખ પણ જેણે કામે રાખેલ હોય તે જ કરી શકે. આ ઉપરાંત આવા કેસોમાં વળતર માટે પણ યોગ્ય ચકાસણી પણ કામે રાખનાર પ્રશાસન કરી શકે. આથી જે પ્રશાસન / વિભાગ આ માટે જવાબદાર હોય તે જ વિભાગ એટલે કે મહાનગરપાલિકા / નગરપાલિકા વિસ્તાર માટે શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા પંચાયત સબંધિત વિસ્તારો માટે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ વળતર ચુકવવા તથા તેને સબંધી કામગીરી કરી શકે.

ઉપરોકત સમગ્ર વિગતે નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ પી.આઇ.એલ. તથા નામ.સુપ્રીમકોર્ટના ઉપરોકત જજમેન્ટ જોતાં ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબીલીટેશઅન એકટ-૨૦૧૩ ની જોગવાઇઓનું યોગ્ય પાલન ન કરવાને કારણે ઉત્પન્ન થયેલી જવાબદારીઓ જેવી કે, વળતર ચુકવવું, કોર્ટ કેસના જવાબ આપવા વગેરે બાબતે જવાબદાર સત્તાધિકારી/ વિભાગ તરીકે કાર્યવાહી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ / પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની બને છે. જે ધ્યાને લેતાં, શહેરી વિસ્તારમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને ગ્રામ્ય વિસ્તાર કે જે વિસ્તારો પંચાયતને સબંધિત છે તે વિસ્તારોમા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગએ તેમના હસ્તક મહાનગરપાલિકા / નગરપાલિકા કે ગ્રામ પંચાયત મારફતે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાનો અમલ કરવાનો રહેશે. તેમજ તે સંદર્ભે નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ ઉપર્યુકત કેસ સબંધે તમામ આનુષાંગિક

કાર્યવાહી સંબંધિત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગએ કરવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મુખ્ય સચિવશ્રીની તા.૧૮/૧૨/૨૦૧૬ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર
- સબંધિત જીલ્લા અધિકારીશ્રીઓ(શહેરી વિ. અને શ. ગૃહ.નિ.વિ. તથા પં.,ગ્રા.ગૃહ નિ. અને ગ્રા.વિકાસ વિભાગ મારફતે)

<u>નકલ રવાના:</u>

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે કલેકટરશ્રીઓ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી, અ.જા.કની કચેરી (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(નિયામકશ્રી (અજાક) મારફત)
સેકશન અધિકારીશ્રી(કો.સેલ.), વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેકટ ફાઇલ.